# માં ઉમિયાના દિવ્ય રથનું ભિલોડામાં ભવ્ય સ્વાગત





ભિલોડા, તા.૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં માં ઉમિયાના દિવ્ય રથનું ભવ્યાતિભવ્ય વાજતે-ગાજતે ઉત્સાહભેર સ્વાગત કરાયું હતું. પાટીદારોની વૈશ્વિક સંસ્થા, પાટીદારોના પાટનગર અમદાવાદ ખાતે જગત જનની માં ઉમિયાના વિશ્વ કક્ષાના મંદિરનું નિર્માણ કરવાના ભાગરૂપે ‘‘વિશ્વ ઉમિયા દિવ્ય રથ’’ નું પરિભ્રમણ દરમ્યાન તા.૧૪ મી ના રોજ ભિલોડામાં થયું અને ભિલોડા તાલુકાનો સમસ્ત કડવા પાટીદાર પરિવારો માં ઉમિયાના રથ ના દર્શન કરી ધન્ય થયા અને ગરબા ના તાલે જુમ્યા તેનાથી અતિ ભવ્ય અને દિવ્ય વાતાવરણ સર્જાયું હતું.પાટીદાર સમાજનો અકલ્પનીય સાથ અને સહકાર જોવા મળ્યો હતો.માં ઉમિયાની પ્રસન્નતાના અમી છાંટણાનો અભિષેક પાટીદારોની સંગઠન શક્તિને વૈશ્વિક સ્તરે મજબૂત બનાવશે , શિક્ષિત અને સંગઠીત સમાજના નિર્માણથી રાજ્ય, રાષ્ટ્ર નિર્માણમાં પાટીદાર સમાજ પથ દર્શકની ભૂમિકામાં હંમેશા અગ્રેસર રહે તે માટે અષ્ટબળ એટલે કે આત્મબળ, મનોબળ, વિધાબળ, ધનબળ, આધ્યાત્મિકબળ, બુધ્ધિબળ, સંઘબળ અને સંકલ્પબળનો એક સાથે ઉપયોગ કરવા આપણે સૌએ મહાસાગર બની પ્રચંડ તાકાત ઉભી કરીને ધર્મ ની સાથે સાથે શિક્ષણ, આરોગ્ય, સંગઠન, કૃષિ અને રોજગાર ક્ષેત્રે સમાજના વિકાસની નવી ક્ષિતિજો સર કરવા અને આવનારી પેઢી આપણા માટે ગર્વ અનુભવી શકે તેવા દ્રઢ સંકલ્પમાં સહભાગી થઈ ભિલોડા તાલુકાના કડવા પાટીદાર સમાજના દરેક ભાઈ-બહેનોએ સંકલ્પ લીધો હતો.

માં ઉમિયાનો દિવ્ય રથ ભિલોડામાં પરિભ્રમણ કરી શ્રી ઉમિયા નિવાસના પંટાગણમાં સમસ્ત કડવા પાટીદાર સમાજ,સરપંચ મુકેશભાઈ ત્રિવેદીએ સમુહ આરતી ઉતારી ધન્યતા અનુભવી,કાર્યક્રમને સફળ બનાવવા કડવા પાટીદાર સમાજે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## જન્મદિને વધામણી



ડો. હરનિશ કૌશિકભાઈ પટેલ
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ-૧
બાયડ જીલ્લો અરવલ્લી



દરજી વિનોદ ભાઈ ડી.
વિનોદ લેડીઝ ટેલસે
બાયડ જી.અરવલ્લી



જવનિકાબેન મીનેશભાઈ
સોની
આકૃંદ તા.ધનસુરા

## ડીસા પાણીપુરી વેચતા યુવકના ખાતામાંથી ૫૩ હજારની રકમ ઉપડી જતા ફરિયાદ

### સાયબર ક્રાઇમના વધુ એક ગુનાથી ફફડાટ

ડીસા, તા. ૧૬

ડીસામાં એક પાણીપુરી વેચતા યુવકને મોબાઈલ કરી એસ. બી. આઈ. માંથી બોલું છું તેમ જણાવી ગૂગલ પે એપલીકેશનમાં રૂપિયા જમા થયેલા છે તેમ કહી અલગ અલગ કુપન દ્વારા ૫૩ હજાર ઉપરાંતની રકમ ઉપાડી લીધી હતી.આ મામલે પાણીપુરીની લારી ચલાવતા યુવકે ડીસા દક્ષિણ પોલિસ મથકે ફરિયાદ નોંધાવી છે.

આ સમગ્ર સાયબર છેતરપિંડીની વિગત જોતા ડીસાના સ્પોર્ટકલબ નજીક રહેતા રાકેશ અમરસિંહ રાઠોડ પાણીપુરી વેચી પરિવારનું ગુજરાન ચલાવે છે ગત તારીખ ૪/૧ /૨૨ ના રોજ તેના મોબાઈલ નમ્બર ૮૧૨૮૫૨૨૪૬૩ ઉપર મોબાઈલ નમ્બર ૮૮૮૭૯૬૭૫૪૦ થી ફોન આવેલો.જેથી તેમની પત્નીએ ફોન ઉપાડેલો અને ફોન વાળા ભાઈએ જણાવ્યું હતું કે હું એસ. બી. આઈ. માંથી બોલું છું તમારે ૯૯૯ કેશ જમા થયેલા છે તમારો ફોન ચાલુ કરી ગૂગલ પે એપ્લિકેશનમાં હું કહું તેમ કરો કહી અલગ અલગ કુપન ઉપર ક્લિક કરાવીને ખાતામાંથી ૫૩,૯૯૫ રૂપીયા ઉપાડી લીધેલા. જોકે ફોન કરનાર ઈસમ દ્વારા એસ. બી. આઈ.નું નામ આપી છેતરપિંડી આચરી રૂપિયા ઉપાડી લેતા આ મામલે રાકેશકુમાર અમરસિંહ રાઠોડે ડીસા દક્ષિણ પોલિસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વિવિધ કલમ તેમજ સાયબર ક્રાઈમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બનાસ બેંકના નવનિયુક્ત ચેરમેન અણદાભાઈ પટેલનું બહુમાન કરાયું

### સ્વામી વિવેકાનંદજીની પ્રતિમા અને સાલ તથા પુસ્તક અને પુષ્પગુચ્છ આપી મોં મીઠું કરાવ્યું

પાલનપુર તા.૧૬

બનાસકાંઠા જિલ્લાની સૌથી મોટી સહકારી બેંક એવી શ્રી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક પાલનપુરના નવા વરાયેલા ચેરમેન શ્રી અણદાભાઈ પટેલને ખૂબ ખૂબ શુભકામનાઓ જિલ્લાભરમાંથી પાઠવાઈ રહી છે.

શ્રી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના પૂર્વ ડાયરેક્ટર શ્રી ગણપતલાલ કે .જોશી (સ્વામી વિવેકાનંદ કેન્દ્ર પાલનપુર ના સ્થાપક), ગાંધીનગર સમાચાર ના બનાસકાંઠા જિલ્લા બ્યૂરો ચીફ, ધી ફીન ઑથકો-ઓપરેટિવ બેંક લિમિટેડ(પીપલ્સ બેંક પાલનપુર) (જયપુર-રાજસ્થાન) ડાયરેક્ટર , શ્રી સમસ્ત બ્રહ્મસમાજના પ્રદેશ



અગ્રણી એ બનાસ બેંકના નવનિયુક્ત ચેરમેન અણદાભાઈ પટેલ ને ખુબ ખુબ શુભેચ્છાઓ આપી સ્વામી વિવેકાનંદજીની પ્રતિમા ભેટ આપી હતી . તેમની સાથે સ્વામી વિવેકાનંદ નું પુસ્તક અને શાલ ઓઢાડી પુષ્પગુચ્છ આપી મોં મીઠું કરાવ્યું હતું.

આ આ પ્રસંગે ચેરમેનશ્રી અણદાભાઈ પટેલે બનાસકાંઠા જિલ્લા ભાજપના અગ્રણી ગણપતલાલ જોશી ને પણ શુભકામનાઓ પાઠવી હતી. શ્રી જોશી ને પણ ચેરમેન શ્રી એ સાલ ઓઢાડી બહુમાન કર્યું હતું.

આ પ્રસંગે બેંકના વહીવટી અધિકારીઓ અને બોર્ડ ઓફ ડાયરેક્ટર ના સભ્યો સાથે ધીફિન ઑથ બેંક પાલનપુર બ્રાંચ મેનેજર કમલેશભાઈ જોશી પણ હાજર રહ્યા હતા. ગાંધીનગર સમાચાર ના બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા પ્રેસ ફોટોગ્રાફર હરેશ જી.જોષી, હર્ષિલ જોશી ઉપસ્થિત રહ્યા હતા.

## ટચુકડી જાહેર ખબર

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## સ્વ. ગલબાભાઈ પટેલની ૧૦૪મી જન્મજયંતીની સેવાકીય ઉજવણી

### જી.એન.પી.સી ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજના ઉપક્રમે જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું કરાયું આયોજન : બનાસ મેડિકલ કોલેજના પ્રમુખ પી.જે.ચૌધરીની અધ્યક્ષતામાં બ્લડ કેમ્પ સહિતના કાર્યક્રમો યોજાયા

પાલનપુર તા. ૧૬

બનાસકાંઠામાં ગ્રામીણ રોજગાર અને સ્વનિર્ભરતાના પ્રણેતા તેમજ ભારતનું ગૌરવ અને એશિયાની સૌથી મોટી બનાસડેરીના આદ્યસ્થાપક સ્વ. શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલની ૧૦૪મી જન્મ જયંતી નિમિત્તે ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજના પ્રમુખ શ્રી પી.જે.ચૌધરીની અધ્યક્ષતામાં



વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે.જોશી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, આજે જિલ્લામાં બાદરપુરા ઓઈલ મીલ ખાતે તથા નળાસર ખાતે સ્વ. ગલબાભાઈ પટેલની જન્મ જયંતીની સેવાકીય ઉજવણીના ભાગરૂપે બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાદરાપુરા ઓઈલ મીલ ખાતે ૨૬ બોટલ તથા નળાસર ખાતે ૫૪ બોટલ મળીને કુલ ૮૦ બોટલ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું. હવે પછી આ બ્લડને જનરલ હોસ્પિટલ ખાતે દાખલ જરૂરિયાતમંદ લોકોને નિઃશુલ્ક પૂરું પાડવામાં આવશે. બનાસ મેડિકલ કોલેજના વિવિધ કર્મચારીઓ તથા નળાસર ગ્રામજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને બ્લડ ડોનેટ કર્યું હતું. આ સાથે તમામ દાતાઓને નાસ્તો તથા જનરલ હોસ્પિટલ ખાતે દાખલ તમામ દર્દીઓને અમુલ પેકિંગનું પ્રવાહી આપવામાં આવ્યું હતું. આ સિવાય વાત કરવામાં આવે તો જનરલ હોસ્પિટલ પાલનપુર નર્સિંગ કોલેજ બિલ્ડીંગના લેક્ચર હોલ-૨ ખાતે તથા બનાસ મેડિકલ કોલેજ ખાતે પણ સ્વ. ગલબાકાકાને યાદ કરીને પુષ્પાંજલી અર્પિત કરવામાં આવી હતી. આ પ્રસંગે બનાસ મેડિકલ કોલેજના પ્રમુખ શ્રી પી.જે.ચૌધરીએ જણાવ્યું હતું કે આજે જિલ્લામાં સહકારી ક્ષેત્રના પ્રણેતા સ્વ.ગલબાભાઈ પટેલે જોયેલા સ્વપ્નોને જી. એન.પી.સી ટ્રસ્ટ આગળ વધારી રહ્યું છે. આજના આ વિવિધ પ્રસંગોમાં ઝઈ ડૉ.સતીષ પાનસુરીયા, ડીન ડૉ. પ્રીતિબેન જૈન, મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. સુનીલ જોશી, એડિશનલ મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. નિશાંત ભીમાણી, એડિશનલ ડીન ડૉ. આનંદ મહિન્દ્રા, બાદરપુરા ઓઈલ મીલ ડી.જી.એમ સી.જે. કરેણ, હિતેશભાઈ કુશ્કલ, અબ્બાસભાઈ, વીરભદ્રસિંહ, વિપુલભાઈ સહિત બનાસ મેડિકલ કોલેજનો સ્ટાફ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ગલતેશ્વર અંબર્ટો સિરામીક ઈન્ટરનેશનલ કંપની ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

### રક્ત દાંતાઓ દ્વારા ૬૦ બોટલ રક્તદાન કરવામાં આવ્યું : ઇન્ડિયન રેડકોસ સોસાયટીના સહિયોગથી રક્તદાન કેમ્પ યોજાયો

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ના ગલતેશ્વર રોડ ઉપર આવેલ અંબર્ટો સિરામીક ઈન્ટર નેશનલ પ્રા.લી.કંપની ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો જેમાં રકતદાતાઓ દ્વારા ૬૦ બોટલ રકતદાન કરવામાં આવ્યું હતું . પ્રાંતિજના ગલતેશ્વર ખાતે આવેલ અંબર્ટો સિરામીક ઈન્ટરનેશનલ કંપની ખાતે ઈન્ડિયન રેડકોસ સોસાયટી સાબરકાંઠા જીલ્લો હિંમતનગર શાખા ના




સહિયોગ થી અંબર્ટો સિરામીકસ ઈન્ટર નેશનલ કંપની ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો જેમાં કંપનીના અધિકારીઓ સ્ટાફ સહિત કર્મચારીઓ કામદારો દ્વારા ૬૦ બોટલ રકતદાન રકતદાતાઓ દ્વારા કરવામાંઆવ્યું હતું આ પ્રસંગે કંપનીના પ્રેસીડેન્ટ ઓપરેશન્સ ધર્મેન્દ્રકુમાર જાની, ડી.જી.એમ એચ.આર આર.કે.દાસ, ડી.જી.એમ પ્રોડક્શન વાય.રવિન્દ્ર, ટેકનિકલ વિભાગ ના સતીષકુમાર, ડૉકટર એન.કે.ડેરિયા, વિશ્વેશ્વર ગોસ્વામી વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

## રક્તદાન મહાદાન

## ડીસામાં એસ. બી. આઈ. નું એટીએમ તોડવાનો પ્રયાસ

ડીસા, તા. ૧૬

ડીસાના ફુવારા નજીક આવેલી એસ. બી. આઈ. બેંકના એટીએમને બે અજાણ્યા ઈસમે તોડવાનો પ્રયાસ કર્યો હતો. આ મામલે બેંક મેનેજરે ડીસા દક્ષિણ પોલીસ મથકે બે વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

બનાસકાંઠાના ડીસામા મુખ્ય કહી શકાય તેવી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા બેંક મુખ્ય રોડ ફુવારા સર્કલ ઉપર આવેલી છે.બેંકની આગળ જ તેનું એટીએમ પણ મુકવામાં આવ્યું છે જોકે ગત તા. ૧૩/૨/૨૨ ના રોજ રાત્રીના સુમારે કોઈ બે ઈસમો દ્વારા એટીએમને ચાવીથી ખોલવાનો પ્રયાસ કરેલો પણ તે ના ખુલતા એટીએમના ઉપરના ભાગે લાગેલ મોનીટર તોડી નાખીને તેનો હુડ લોક પણ તોડી નાખેલ તેમછતાં કોઈ રોકડ હાથ લાગેલ નહિ. જો કે બીજા દિવસે વહેલી સવારે બેંક એટીએમના જોઈન્ટ કસ્ટડીયન વિજયભાઈને આ બાબતની જાણ થતાં તેમણે બેંક મેનેજર કોસલેન્દ્રસિંહ દલવીરસિંહ યાદવને આ બાબતની જાણ કરેલી. જેના પગલે બેંક મેનેજર પણ આવી એટીએમના સીસીટીવી ફૂટેજ ચેક કરતા બે ઈસમ દ્વારા આ એટીએમ તોડવાનો પ્રયાસ કરતા દેખાયા હતા. જે મામલે બેંક મેનેજર કોસલેન્દ્રસિંહ દલવીરસિંહ યાદવે ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજ આધારે બે અજાણ્યા ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ડીસાના ભોપાનગર પાસેનો રોડ અકસ્માત ઝોન પુરવાર : રોડ ઉપર બમ્પ મુકવાની તાતી જરૂરિયાત

ડીસા, તા. ૧૬

ડીસાના ભોપાનગર રોડ પર બમ્પ ન હોવાને લીધે વાહનો સ્પીડથી દોડતા હોવાને કારણે વારંવાર માર્ગ અકસ્માતો થાય છે પરંતુ હાઈવે ઓથોરીટી દ્વારા બમ્પ ન મુકાતા એક વર્ષમાં અંદાજે ૧૦ થી ૧૫ વ્યક્તિઓ મોતને ભેટે છે

તાજેતરમાં જ દસ દિવસ અગાઉ પિકઅપ ડાલા ચાલકએ પુરપાટ ઝડપે દોડાવતા બે એકટીવા ચાલકને અડફેટે લેતા એક ભીલડીના યુવાનનું ઘટના



સ્થળે મૃત્યુ નીપજ્યું હતું જ્યારે ત્રણ વ્યક્તિઓ ઘાયલ થતા સારવાર અર્થે ખસેડાયા હતા આ માર્ગ પર બહુચર માતાનું મંદિર તથા કુબા મસ્જિદ આવેલ હોવાથી રોડ ઓળગીને ધર્મ પ્રેમીઓ મંદિરમાં દર્શન માટે તથા મુસ્લિમો બિરાદરોને નમાઝ પઢવા રોડ ઓળગીને જવું પડે છે બમ્પ ન હોવાને લીધે વાહન ચાલકો બેફામ ઝડપે વાહનો હંકારે છે તો હાઈવે ઓથોરિટી દ્વારા તાત્કાલિક સ્પીડ બ્રેકર બનાવી અકસ્માતો અટકાવે તેવી જનતાની માંગ છે.

## અંબાજી મંદિરના વહીવટદાર એસ જે ચાવડાનો વિદાય સમારંભ યોજાયો

### ગુલાબની પાંખડીઓથી અભિવાદન કરાયું...



અંબાજી, તા.૧૬

શક્તિ,ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે જગ વિખ્યાત યાત્રાધામ અંબાજી ગુજરાત અને રાજસ્થાનની સરહદ પર આવેલું છે. અંબાજી મંદિર કોરોનાની ત્રીજી લહેરમા થોડા દિવસ બંધ રહ્યા બાદ ફરીથી ભક્તો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

૧૩ ફેબ્રુઆરીના રોજ અંબાજી મંદિરના મીટીંગ હોલમાં અંબાજી મંદિર ના વહીવટદાર એસ.જે.ચાવડા સાહેબ નો વિદાય સમારંભ યોજાયો હતો. અંબાજી મંદિર ના મીટીંગ હોલમાં અંબાજી મંદિર ટ્રસ્ટ ના તમામ અધિકારીઓ, કર્મચારીઓ, બ્રાહ્મણો, સિકયુરિટી સ્ટાફ તેમનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અંબાજી મંદિર ના ઈન્ચાર્જ વહીવટદાર તરીકે તેમની સુંદર કામગીરી રહી હતી.

## ધાનેરામાં ચાલી રહેલ ભૂગર્ભ ગટરનું કામ હલકી ગુણવત્તાવાળુ થતું હોવાથી લોકોએ અનેક વાર ફરીયાદો કર્યા બાદ પણ જૈસે થે

### કોન્ટ્રાકટર અને પાલિકાની બંધ બારણે મિટિંગ : કામ યથાવત જ ચાલુ

ધાનેરા તા. ૧૬

ધાનેરામાં ભૂગર્ભ ગટર તો બનાવી છે.પરંતુ આ ભૂગર્ભ ગટર ક્યાંકને ક્યાંક લોકો માટે માથાના દુખાવા સમાન બનતી હોય તેવું સામે આવી રહ્યું છે . ધાનેરાના કેટલાક વિસ્તારમાં ભૂગર્ભ ગટર બ્લોક થઈ જવાથી ગટરના પાણી જાહેર રસ્તાઓ પર ફરી વળે છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, લોકો દ્વારા વારંવાર રજૂઆત પણ કરવામાં આવી છે છતાં પણ કોઈ



કાર્યવાહી થતી નથી તો બીજી તરફ ધાનેરામાં વર્તમાન સમયમાં ચાલી રહેલા ભૂગર્ભ ગટરના કામમાં હલકી ગુણવત્તાવાળી તેમ જ તૂટેલી-ફૂટેલી અને એકદમ નાની પાઈપ નાખતા લોકો અનેક સવાલો ઉઠાવ્યા છે. આ બાબતને લઈને કેટલાક લોકો દ્વારા ધાનેરા નગરપાલિકામાં રજૂઆત પણ કરવામાં આવી હતી છતાં પણ કોન્ટ્રાકટર અને પાલિકાની બંધ બારણે મિટિંગ કરી કામ યથાવત જ ચાલુ રાખે છે.સમગ્ર ઘટના કેમેરામાં કેદ કરી અમે તમને બતાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે ત્યારે આ અહેવાલ જોઈ લાગતા વળગતા અધિકારીઓ આ બાબતે તપાસના આદેશ આપે તેમ જ વર્તમાન સમયમાં ચાલી રહેલા કામ ખોદકામ કરી તેની ગુણવત્તા ચકાસવા માં આવે તેવી લોકોની માંગ ઉઠી રહી છે.